सत्यमेव जयते

દાખલ તારીખઃ– ૨૯/૧૨/૨૦૨૫
નોંધ્યા તારીખઃ– ૨૯/૧૨/૨૦૨૫
ફેંસલ તારીખઃ– ૩૦/૦૫/૨૦૨૬
સમયગાળોઃ– વર્ષ – માસ – દિવસ
૦૦ – ૦૫ – ૦૧

---

**મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (રવિકુમાર આર. પરમાર) સાહેબશ્રીની કોર્ટમાં, મુ. આમોદ, જિ. ભરૂચ.**

---

**ફોજદારી કેસ નંબરઃ– ૧૫૩૭/૨૦૨૫**

**આંકઃ–**

ફરીયાદી– શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપી– હિતેશભાઇ રમેશભાઇ જાદવ

રહે. દેથાણ ગામ, પરબડી ફળીયું, તા. કરજણ, જી. વડોદરા.

---

ગુનો –ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબ.

---

ફરીયાદ પક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી. વી.જી.દેસાઇ

આરોપી તર્ફે વિધ્વાન વકીલ શ્રી એમ.આર. પટેલ

---

***<u>JUDGEMENT</u>***

(૧) સદર કેસની ટુંકી વિગત એ મુજબ છે કે, ફરીયાદી પો.કો. મુકેશભાઇ નાગજીભાઇ તથા અ.હે.કો. હરીશભાઇ ભનાભાઇ નાઓ G.E.B. ત્રણ રસ્તા ઉપર વાહન ચેકીંગમાં હાજર હતા તે દરમ્યાન હીરો કંપનીની સ્પ્લેન્ડર પ્લસ મોટર સાઇકલ નો ચાલક પોતાની મો.સા. આમોદ, સમા

હોટલ તરફથી પુરઝડપે અને બેફીકરાઇ થી હંકારી આવતો હોય. જેનાથી અકસ્માતનો ભય રહેલ હોય. જેથી આરોપીને ઉભો રહેવા હાથથી ઈશારો કરતા મો.સા. રસ્તાની સાઇડમાં ઉભી રાખેલ અને નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચો રૂબરૂ મો.સા. ના ચાલકનું નામ–ઠામ પુછતા પોતાનું નામ હિતેશભાઇ રમેશભાઇ જાદવ હોવાનું જણાવેલ અને કબ્જાની મો.સા. જોતા તેનો રજી. નં. જી.જે–૦૬–ક્યુ.એસ.–૩૬૫૩ નો છે અને સદર ચાલક પોતાના કબ્જામાંની મો.સા. પુરઝડપે અને ગફલતભરી રીતે બેફીકરાઇથી બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારીને લાવી પકડાય ગયેલ હોય. સદર બનાવ બાબતે ફરીયાદીએ આમોદ પોલીસ સ્ટેશન ખાતે પોતાની ફરીયાદ આપતા આરોપી વિરૂદ્ધ ગુનો નોંધેલ.

સદર ગુનાની તપાસ આમોદ પો.સ્ટે. ના તપાસ કરનાર અધિકારી નાઓને સોંપતા તેમણે તપાસ કરી પુરાવાઓ એકઠા કરી, નામદાર કોર્ટમાં નામદાર કોર્ટમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૨૮૧ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ ની જોગવાઇઓ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિનામુલ્યે આપી તેઓની સામે આંક– ૦૪ થી આરોપીની પ્લી નોંધવામાં આવતાં ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદ પક્ષના કેસની કાનુની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| અનુ. નં. | આંક | સાહેદ તથા દસ્તાવેજ નું નામ |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરીયાદી પો.કો. મુકેશભાઇ નાગજીભાઇ ની જુબાની |
| ૨ | ૦૭ | ફરીયાદ |
| ૩ | ૦૮ | પંચ સાહેદ મગનભાઇ શનાભાઇ સોલંકી ની જુબાની |
| ૪ | ૦૯ | પંચનામું |

| | | |
|---|---|---|
| ૫ | ૧૦ | પંચ સાહેદ શૈલેષભાઇ બેચરભાઇ પરમાર |
| ૬ | ૧૧ | એ.હે.કો. હરીશભાઇ ભનાભાઇ ની જુબાની |

(૪) ફરીયાદ પક્ષ તરફથી મૌખિક રીતે પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતાં, ફરીયાદ પક્ષના રજુ થયેલ પુરાવા સંદર્ભે આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા પુરતા પુરાવાઓ ન જણાઇ આવતા, આરોપી નું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ આ કામે પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળી તથા રેકર્ડ ઉપરના પુરાવાઓ ધ્યાને લીધા.

(૫) ઉપરોક્ત તમામ હકિકતને ધ્યાનમાં લેતા કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

**મુદ્ધા**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપર્ણે પુરવાર કરે છે કે, આરોપીએ પોતાના કબ્જાનું મો.સા. પુરઝડપે અને બેફીકરાઇથી બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારીને ચલાવી લાવી પકડાઇ જઇ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કર્યો છે ?

(૨) આખરી શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્ધાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**–કારણો–**

(૭) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રનો મૂળભૂત સિદ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે અને જ્યાં સુધી આરોપી સામે ગુનો

સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઇએ. વધુમાં ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવું જોઇએ.

(૮) સદર કામે પુરાવા ની વિસ્તૃત ચર્ચા કરતા અગાઉ ભારતીય ન્યાય સંહિતા ની કલમ–૨૮૧ મુજબના ગુનાઓ તથા તેના આવશ્યક તત્વો વિશે ચર્ચા કરવી જરૂરી બની આવે છે. જે નીચે મુજબ છે.

**કલમ–૨૮૧ અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.**

(૧) અકસ્માત જાહેર માર્ગ પર બનેલ છે.

(૨) આરોપી દ્વારા ચલાવવામાં આવેલ વાહન એટલી બધી બેફામ અથવા ઉપેક્ષા યુકત હોવી જોઇએ કે જેથી મનુષ્યના જીવનને ભયમાં મુકે અથવા તો કોઈ અન્ય વ્યકિતને ઈજા કે નુકશાન કરે તેવી શક્યતા ઉપસ્થિત થાય.

આમ, કલમ–૨૮૧ ના આવશ્યક તત્વો ધ્યાને લેતાં આરોપી દ્વારા પોતાના કબજાનું વાહન ચલાવવામાં બેદરકારી દાખવે અથવા બેફામ પુર્વક હંકારે અને જે કૃત્ય અને કાર્યલોપથી રસ્તે જનાર માનવીની જીંદગી જોખમમાં મુકાય અને આવા કૃત્ય અને કાર્યલોપથી રસ્તે જનાર માનવીની જીંદગી જોખમમાં મુકાય અને આવા કૃત્ય બદલ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ ના ગુના માટે કસુરવાર ઠેરવી શકાય.

(૯) ફરીયાદપક્ષ દ્વારા આક્ષેપાયેલ ગુનાના ઉપરોક્ત મુજબના તત્વો સાબિત કરવા માટે નીચે મુજબના સાહેદોને તપાસવામાં આવેલ છે.

(૯.૧) ફરીયાદ પક્ષે આરોપી વિરુદ્ધ નું તહોમત સાબિત કરવામાં માટે આંક–૦૬ થી ફરીયાદી પો.કો. મુકેશભાઇ નાગજીભાઇ નાઓને તપાસેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં ટુંકમાં જણાવે છે કે, "...તા. ૨૦/૧૧/૨૦૨૪ ના રોજ ફરીયાદી તથા પોલીસ

સ્ટાફના માણસો જી.ઇ.બી. ત્રણ રસ્તા ખાતે વાહન ચેકીંગમાં હતા ત્યારે આમોદ સમા હોટલ પાસેથી એક બાઇક ચાલક પુરઝડપે અને બેદરકારી થી તેની બાઇક હંકારીને આવતો હતો તેથી તેને હાથ કરી ઉભો રખાવેલ અને નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી સદર ઇસમનું પંચો રૂબરૂ નામ પુછતાં તેનું નામ હિતેશભાઇ રમેશભાઇ જાદવ હોવાનું જણાવેલ...સદર ઇસમ તેનું બાઇક ફુલ ઝડપે અને બેદરકારી થી તેની બાઇક હંકારીને આવતો હતો. જેથી અન્યની જીંદગી જોખમમાં મુકાઇ તેથી સદર આરોપી બી.એન.એસ. ની કલમ–૨૮૧ મુજબની ફરીયાદ આપેલ...ફરીયાદમાં ફરીયાદી તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે...એ.હે.કો. રૂબરૂ કલાક ૧૭–૧૫ થી ૧૭–૪૫ સુધીનું પંચોની હાજરીમાં પંચનામું કરવામાં આવેલું...

વળી, તેઓએ આરોપીના વિધ્વાન વકીલશ્રી ની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, **"...સમા હોટલથી આમોદ ચોકડી વાળો રસ્તો ખાડા ખરબચડા વાળો છે...કોઇ પણ વાહનની સ્પીડ માપવી હોય તો અમારી પાસે સ્પીડો મીટર હોવું જોઇએ...અમારી પાસે વાહનની સ્પીડ માપવા માટે બનાવ સમયે કોઇ સ્પીડો મીટર અમારી પાસે હતુ નહી..."**

**(૯.૨)** ફરીયાદ પક્ષે આંક– ૦૯ વાળું આરોપીને અટક કર્યા અંગેનું પંચનામું સાબિત કરવા માટે પંચ સાહેદ મગનભાઇ શનાભાઇ સોલંકી નાઓને આંક–૦૮ થી તથા પંચ સાહેદ શૈલેષભાઇ બેચરભાઇ પરમાર નાઓને આંક–૧૦ થી તપાસેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં ટુંકમાં જણાવે છે કે, "**...સવા બે વર્ષ પહેલાં તેઓ આમોદ પો.સ્ટે. તેમના કામ અર્થે આવેલા ત્યારે પોલીસે એક તૈયાર કાગળમાં સહી કરાવેલી અને તેઓએ તે લખેલ કાગળ વાંચેલ નહી...પંચનામામાં પંચ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે...**"

સદર પંચ સાહેદોને વિધ્વાન એ.પી.પી. શ્રી દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરી ને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો નામદાર કોર્ટની પરવાનગીથી પુછતા પણ પંચ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસની હકિકતને સમર્થન આપેલ નથી.

વળી, આરોપી પક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, **"...પોલીસે તેઓની ફક્ત તૈયાર કાગળમાં સહી કરાવેલી...તેઓની રૂબરૂમાં કોઇ પંચનામું કરવામાં આવેલ નહી..."**

આમ, સદર પંચ સાહેદની જુબાની પરથી જણાય આવે છે કે, પંચ સાહેદે પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**(૯.૩)** ફરીયાદ પક્ષે આરોપી વિરુદ્ધ નું તહોમત સાબિત કરવામાં માટે આંક–૧૦ થી ત.ક. અમલદાર અ.હે.કો. હરીશભાઇ ભનાભાઇ નાઓને તપાસેલ છે. તેઓએ કરેલ કામગીરીને અનુરૂપ જુબાની રજુ કરેલ છે.

વળી, તેઓએ આરોપીના વિધ્વાન વકીલશ્રી ની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, **"...ફરીયાદમાં પંચોના નામ ઠામ જણાવેલા નથી...સદર પકડાયેલ ઇસમ કુલ સ્પીડમાં વાહન ચલાવતો હતો એ સ્પીડો મીટર હોય તો જ ખબર પડે...મારી પાસે સ્પીડો મીટર હતુ નહી..."**

**(૯.૪)** ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે મૌખિક રીતે પુરાવો પુરો થયેલ હોવાનું જણાવવામાં આવેલ.

**(૧૦)** સરકારશ્રીના વિધ્વાન એ.પી.પી. શ્રી પોતાની મૌખિક દલીલમાં જણાવેલ કે, સદર કામે સાહેદોએ ફરીયાદ પક્ષને પુરેપુરુ સમર્થન આપતી જુબાની આપેલ છે. જેથી તેઓ સદર કામે આરોપીને આક્ષેપાયેલ ગુનામાં કડક સજા થાય તે અંગે રજુઆત કરે છે.

**(૧૧) પુરાવાઓનું મુલ્યાંકનઃ–**

**(૧૧.૧)** ફરીયાદપક્ષે રજુ થયેલ ફરીયાદી તથા તપાસ કરનાર અમલદારની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે પકડાયેલ આરોપી વાહન ફુલ સ્પીડમાં ચલાવતો હતો તો તે સ્પીડ માપવા માટેનું સ્પીડો મીટર હતુ નહી તેમજ વાહનની સ્પીડ માપવા માટે સ્પીડો મીટર હોવું જોઇએ. જેથી આરોપી પોતાના કબ્જામાંની મો.સા. ફુલ સ્પીડ માં ચલાવતો હોવાનું માની શકાય નહી. વળી, ગુનાવાળી જગ્યા વાહનોની અવર જવર વાળો જાહેર વિસ્તાર હોય. જેથી સહેલાઇથી સ્વતંત્ર સાહેદો મળી આવે તેમ છે પરંતુ સદર કામે ત.ક. અમલદાર દ્વારા કોઇ સ્વતંત્ર સાહેદના નિવેદન નોંધવામાં આવેલ નથી. સદર કામે વાહન ચેકીંગમાં પોલીસ કર્મચારીઓ હોય, જે સંજોગોમાં ફક્ત ને ફક્ત તેમની જુબાનીઓ ગ્રાહ્ય રાખી સદર કામે આરોપીની તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત નથી.

**(૧૧.૨)** વધુમાં ફરીયાદીના કેસ મુજબ ગુનો બન્યો ત્યારે ફરીયાદીએ આરોપીની વાહન ઉભુ રખાવી નજીકમાંથી બે પંચો બોલાવી આંક–૦૯ વાળું પંચનામું કરેલ. પરંતુ સદર પંચનામાના પંચ સાહેદોએ પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, પોલીસે તેઓની તૈયાર કાગળમાં સહી લીધેલ અને તેઓએ કાગળ વાંચેલ નહી તેમજ પોલીસે તેઓની રૂબરૂમાં કોઇ પંચનામું કરવામાં આવેલ નથી. જેથી સદર કામે ફરીયાદ મુજબના બનાવ સંબંધે નામદાર કોર્ટને શંકા ઉભી થાય છે.

**(૧૨)** આમ, ઉપરોક્ત ચર્ચા મુજબ ફરીયાદપક્ષ સદર કામના આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ ગુનો અપુરતા અને અયોગ્ય પુરાવાના કારણે સાબિત કરવામાં પુરેપુરા નિષ્ફળ ગયેલ હોય અને તેથી **મુદ્દા નંબર–૦૧** નો નિર્ણય **નકારમાં** નિર્ણિત કરી **મુદ્દા નંબર–૦૨** પરત્વે આખરી હુકમ મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

(૧) આ કામે આરોપી **હિતેશભાઇ રમેશભાઇ જાદવ,** રહે. દેથાણ ગામ, પરબડી ફળીયું, તા. કરજણ, જી. વડોદરા નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ– ૨૭૮(૧) મુજબ ભારતીય ન્યાય સંહિતા ની કલમની કલમ–૨૮૧ ના ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે આરોપીના ટ્રાયલ દરમ્યાન રેકર્ડ પરના જામીનને અપીલ પીરીયડના જામીન સુધી ચાલુ રાખવામાં આવે છે, અને જો સદર જામીનદાર હવે પછી સદર કામના આરોપીના જામીન તરીકે રહેવા માંગતા ન હોય, તો તેઓ અત્રેની અદાલતમાં યોગ્ય અરજી કરી શકશે.

(૩) અપીલ સમય વીત્યા બાદ નાશ થવા પાત્ર મુદ્દામાલનો નિયમોનુસાર નિકાલ કરવો.

(૪) સદર કામે કોઇ મુદ્દામાલનો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે. અને તે સિવાયનો અન્ય મુદ્દામાલ કે જે મળવાપાત્ર હોય તો તેને અપીલ સમય વીત્યા બાદ વેરીફાઇ કરી પરત કરવો.

હુકમ આજ તા. ૩૦ મી, માહે મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૫/૨૦૨૬
સ્થળઃ આમોદ

(રવિકુમાર આર. પરમાર)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
આમોદ.

સ્ટેનો–એ.યુ. ગોહેલ

કોડ–જીજે ૦૧૬૦૩